# રાજસ્થાની શ્રમિકોની મોતની સવારી

## હોળીનો તહેવાર નજીક હોય અરવલ્લીમાં બેખૌફ વાહનોના છાપરે મુસાફરો

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા તેમજ જિલ્લાના અન્ય સ્થળોથી જીપ અને ખાનગી બસોના છાપરે ખીચોખીચ ભરીને મુસાફરોને લઈ જવાતા હોવા છતાં જિલ્લાનું પોલીસતંત્ર તેમજ આરટીઓએ ગર્ભિત ચૂપકિદી સેવી તમાશો જોઈ રહ્યા છે. અધધ કહી શકાય તેટલા મુસાફરોને જીવના જોખમે લઈ જવાતા હોવા છતાં તંત્રને કંઈ દેખાતું નથી. એક તરફ હોળીનો તહેવાર હોવાથી પોતાના વતન રાજસ્થાન તરફ જવા માટે શ્રમિક મુસાફરોની મજબુરીનો ફાયદો ઉઠાવી ખાનગી વાહન ચાલકો ઘેટાં બકરાની જેમ મુસાફરો ભરી વાહનો હંકારી મુસાફરોના જીવ જોખમમાં મૂકી રહ્યા છે




મોડાસા શહેરમાં દિન પ્રતિદિન ટ્રાફિકની સમસ્યા અજગરી ભરડો લઈ રહી છે. શહેરના હાર્દ સમા ચાર રસ્તાથી વિસ્તારમાંથી માલપુર તેમજ મેઘરજ અને હિંમતનગર તથા શામળાજી અને રાજસ્થાન તરફ જવા માટે ખાનગી વાહનોનો ખડકલો જામે છે. દિવસભર ખાનગી વાહનચાલકો ઘેટા બકરાંની માફક ખીચોખીચ વાહનોમાં મુસાફરોના જીવના જોખમે ભરી આવાગમન કરે છે. આરટીઓના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરતા ખાનગી વાહનચાલકોને દંડવાને બદલે એકલ દોકલ દ્વિચક્રી વાહનચાલકોને દંડે છે ત્યારે જીવના જોખમે મુસાફરી કરાવતા આ ખાનગી વાહનચાલકો પર કેમ મીઠી નજર રાખે છે કે કેમ ? તે સમજાતું નથી. ઓફિસ અવર્સ દરમિયાન વાહનચાલકોને દંડતા આ અધિકારીઓ જીપો ભરાવાના સમયે ઉડન છુ થઈ જાય છે અથવા તો આ દિશામાં જોતા જ નથી. આ પરિસ્થિતિ મોડાસા શહેરની હોવા છતાં સામાન્ય નાગરિકોને દંડતી પોલીસ મોતની મુસાફરી કરાવનારાઓ તરફ પણ જુવે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરે તેવી લોકોમાં માંગ ઉઠી છે. બેફામ રીતે અને ખીચોખીચ ભરેલા આવા વાહનોને લઈને શહેર ટ્રાફિક પોલીસના આંખ મીંચામણા સમજાતા નથી. એક તરફ હોળીનો તહેવાર હોવાથી પોતાના વતન રાજસ્થાન તરફ જવા માટે પણ મુસાફરોની ભીડ છે. ત્યારે મુસાફરોની ભીડને પહોંચી વળવા તંત્ર દ્વારા કોઈક સુરક્ષીત પગલાં ભરવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

# ધો.૧૦માં મામાને પાસ કરાવવા ડમી તરીકે ભાણિયાએ પરીક્ષા આપવા જવું ભારે પડ્યું

## ધો.૧૦ના પરીક્ષાર્થી મામાના ડમી તરીકે હાજર ભાણિયો જેલના સળિયા પાછળ ધકેલાયો : મોડાસા જીનિયસ સ્કૂલ કેન્દ્રની ઘટના

ધો.૧૦ અને ધો.૧૨ બોર્ડની પરીક્ષાઓમાં થતી ગેરરીતિ અટકાવવા પાછલા ૪ વર્ષથી સીસીટીવી કેમરાની નિગરાની હેઠળ પરીક્ષાઓ યોજાઈ રહી છે ત્યારે શનિવારે ધો-૧૦ની સાયન્સ એન્ડ ટેક્નોલોજી ની પરીક્ષામાં મોડાસાના જીનિયસ સ્કૂલના પરીક્ષા કેન્દ્રમાંથી ડમી વિદ્યાર્થી ઝડપાયો હતો. જેના પગલે કેન્દ્ર સંવાહકે ડમી તેમજ પરીક્ષાર્થી સામે મોડાસા ટાઉન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી.બોર્ડની પરીક્ષા પ્રાથમિક તબક્કામાં છે ત્યારે ડમી પરીક્ષાર્થી ઝડપાતાં શિક્ષણ વિભાગ ચોંકી ઉઠયુ હતુ.ડમી પરીક્ષાર્થી ઝડપાતાં જ ઝોનલ અધિકારી અને પરીક્ષામાં મુકાયેલ અધિકારીઓ કેન્દ્ર ઉપર દોડી પહોંચ્યા હતા.ડમી વિદ્યાર્થી કલ્પેશ સોમાભાઈ કોટવાલ તેના મામા ભરતભાઈ બાબાભાઈ ખાંટ ની જગ્યાએ પરીક્ષા આપતો હોવાની પ્રાથમિક માહિતી પ્રાપ્ત થઈ હતી હાલ તો મામાને બોર્ડની પરીક્ષા પાસ કરાવવા જતા જેલની હવા ખાવાનો વારો આવ્યો છે



ધો.૧૦ ના બોર્ડની પરીક્ષામાં શનિવારે સાયન્સ એન્ડ ટેક્નોલોજીનું પેપર હતું જેમાં જીનિયસ સ્કૂલ કેન્દ્ર પર સવારે નિયત સમય પ્રમાણે પેપર શરૂ થઈ જતાં જીનિયસ સ્કૂલ કેન્દ્રના બ્લોક નં ૯૦માં સુપરવાઈઝર દ્વારા પરીક્ષાર્થીઓની રીસીપ્ટનુ ચેકીંગ શરૂ કરાયુ હતુ જેમાં પરીક્ષાર્થી રીસીપ્ટ તપાસતા રીસીપ્ટ પર રહેલા ફોટાના બદલે અન્ય ડમી વિદ્યાર્થી પરીક્ષા આપવા બેસેલ હોવાનું બહાર આવતા સુપરવાઈઝરે કેન્દ્ર સંવાહકને જાણ કરાતાં તાબડતોડ બ્લોકમાં પહોંચ્યા હતા અને ભરતભાઈ બબાભાઈ ખાંટની જગ્યાએ ડમી વિદ્યાર્થી તરીકે કલ્પેશ સોમાભાઈ કોટવાલ નામનો શખ્શ પરીક્ષા આપી રહ્યો હોવાનું બહાર આવતા જ તાબડતોબ ઝોનલ અધિકારી મદની પરીક્ષા કેન્દ્ર પર દોડી આવ્યા હતા સુપરવાઈઝરની સતર્કતા ના પગલે આખોય ભાંડો ફૂટી ગયો હતો.

પરીક્ષાાર્થી ની જગ્યાએ ડમી વિદ્યાર્થી પરીક્ષા અપાતો હોવાનું બહાર આવતા આ અંગે તાબડતોબ મોડાસા ટાઉન પોલીસને જાણ કરી દેવામાં આવી હતી અને કેન્દ્ર સંવાહક જીતેન્દ્રકુમાર દેવશીભાઈ પટેલે ડમી વિદ્યાર્થી કલ્પેશ સોમાભાઈ કોટવાલ (રહે,ઈસરોલ, તા-મોડાસા) અને પોતાની જગ્યાએ અન્યને પરીક્ષા આપવા માટે મોકલનાર ભરતભાઈ બાબુભાઈ ખાંટ (રહે, રંગપુર, તા-ભિલોડા) સામે ગુનો નોંધાવ્યો હતો જેના પગલે ટાઉન પોલીસે બંને વિરૂધ્ધ ગુનો નોંધી ડમી વિદ્યાર્થી કલ્પેશ સોમાભાઈ કોટવાલને પરીક્ષાકેન્દ્ર પરથી દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દઈ ભરતભાઈ બાબુભાઈ ખાંટ ને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરી વધુ તપાસ હાથ ધરી હતી.

# ડીસામાં રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂ પકડાયો : એકની અટકાયત

ડીસા શહેર દક્ષિણ પોલીસે બાતમીના આધારે રહેણાંક મકાનમાંથી રૂપિયા ૧૩ હજારની કિંમતની વિદેશી દારૂની ૬૦ બોટલ સાથે એક આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડીસા શહેરના જુની જેલ વિસ્તારમાં આવેલ ચાવડી વાસના એક રહેણાંક વિસ્તારમાં વિદેશી દારૂ વેચાતો હોવાની ખાનગી રાહે બાતમી ડીસા શહેર દક્ષિણ પોલીસને મળી હતી. આથી શુક્રવારે સાંજના સુમારે પોલીસે વિપુલકુમાર ઉર્ફે પાટો બંસીલાલ પાવાલા (મોદી) ના રહેણાંક મકાનમાં ઓચિંતી રેડ કરતાં વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની ૬૦ બોટલ મળી આવી હતી. ડીસા શહેર દક્ષિણ પોલીસે હે.કો. રઘુભાઈ અનુપજી ઠાકોરની ફરીયાદના આધારે રૂપિયા ૧૩ હજારની કિંમતના વિદેશી દારૂના જથ્થા સાથે વિપુલ મોદી (ચાવડી વાસ, ડીસા) ને ઝડપી પાડી જેલ હવાલે કરવામાં આવ્યો હતો. આ કેસની વધુ તપાસ પી.એસ.આઈ. આર.એમ.કોટવાલ ચલાવી રહ્યા છે. જેને લઈ બુટલેગરોમાં ફફડાટ છવાયો છે.

# ધાનેરા પોલીસે ફિલ્મી ઢબે દારૂ ભરેલ બે ગાડી ઝડપી




ગુજરાત ડી જી એ પણ દારૂબંધી નો અમલ કરાવવા સખત આદેશ આપ્યા છે જો વાત કરવામાં આવે ધાનેરા ની તો રાજસ્થાન ને અડી ને આવેલુ હોવાથી ઘણા બુટલેગર ચોરી છુપી થી અન્ય શહેરો માં દારૂ લઈ જતા હોય છે જે અનુસંધાન માં જ બે ગાડી દારૂ ભરી ને આવતી હોવાની બાતમી ધાનેરા પોલીસ ને મળી હતી જેને લઈ ધાનેરા પી.આઈ અને રવીકુમાર વિક્રમભાઈ ગોવિદભાઈ અને ભીખાભાઈ એ વોચ ગોઠવી ગાડી આવતા ફિલ્મી ઢબે પીછો કરતા આખરે બે ગાડી ની સાથે બને ગાડી ચલાવતા ઈસમો પકડાઈ જવા પામ્યા છે બને ગાડી માંથી ૨૫ પેટી જેટલો બિયર અને દારૂ પકડાઈ જવા પામ્યો છે ધાનેરા પોલીસે પીછો કરતા એક ગાડી તો રસ્તા ની બાજુ માં આવેલી ચોકડી માં નાખતા આખરે ગાડી પકડાઈ જવા પામી હતી..આમ ધાનેરા પોલીસે ને મોડી રાત્રે આખરે ધાનેરા પોલીસ ને મોટી સફળતા મળી...

# ખેડબ્રહ્મા તાલુકાના વાલરણ ગામની દુધ મંડળીમાં સેક્રેટરીને ધમકી આપતા ચાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી મળતી વિગતો અનુસાર અમૃતભાઈ કલજીભાઈ ચૌહાણ વાલરણ દૂધ મંડળીમાં સેકેટસરી તરીકે નોકરી કરે છે અને રમેશભાઈ મગનભાઈ ચૌહાણ થોડા સમય અગાઉ મંડળીમાં સભ્ય હતા ત્યારે પોતે દૂધમાં પાણી ભેળવી લે વાતા હોઈ અમૃતભાઈ ધ્વારા તેમનું દૂધ લેવાનું ના પાડી દીધી હતી આ બાબતને ધ્યાને રાખી

ગુરુવારના રોજ અમૃતભાઈ બીમાર હોઈ તેમનો દીકરો દિપક સાંજના સમયે દૂધ મંડળીમાં દૂધ ભરવા ગયો હતો ત્યારે રમેશભાઈ મગનભાઈ ચૌહાણ, ગોરધનભાઈ મગનભાઈ ચૌહાણ, વિપુલ રમેશભાઈ ચૌહાણ, આંનદ રમેશ ભાઈ ચૌહાણ દૂધ મંડળીમાં આવેલ અને દીપકભાઈનેમાં બેન સામી બીભત્સ ગાળો બોલી દૂધ મંડળીનો વજન કાંટો, દૂધ ફેટ મશીન, પ્રિન્ટર અને સિપિયુ જમીન પર પછાડી તોડી નાખેલ અને દીપકને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

જેથી દિપક ઘરે જઇ તેના પિતાને જણાવતા દિપકભાઈ, અમૃતભાઈ તેમનો ભત્રીજો જીતેન્દ્ર અને દૂધ મંડળીના મકાન માલિક વિનુભાઈ પ્રતાપભાઈ ચૌહાણ દૂધ મંડળીમાં ગયા હતા. જયા પેલા ચાર ઈસમોએ અમૃતભાઈને બીભત્સ બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી જે સમયે બીજા લોકો આવી જતા તેઓ જતા રરહ્યા હતા જેથી અમૃતભાઈ એ ચારેય ઈસસમો વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# ધાનેરામાં એચએસસી પરીક્ષામાં મહેસાણાની હોસ્પિટલથી આવી વિદ્યાર્થી પરીક્ષા આપીને પરત હોસ્પિટલ પહોંચ્યો



સંકલ્પ સ્કૂલ ના વિધાર્થી ની જે થોડાક દિવસો પહેલા પેટ ના દુખાવા ના કારણે મહેસાણા હોસ્પિટલ માં એડમીટ કરવામાં આવ્યો હતો.બે તારીખે જ ઓપરેશન કરવામાં આવ્યું હતું પણ આજે પરીક્ષા હોવાથી સીધો હોસ્પિટલ થી પરીક્ષા કેન્દ્ર પર આવી પહોંચ્યો હતો....

બીમારી ના સમાચાર મળતા સંકલ્પ સ્કૂલ ના આચાર્ય મહેસાણા પહોંચી ને સમાચાર લઈ ને પરીક્ષા આપવાની વાત કરી ને ડોકટર જોડે કનફાર્મ કરાવી આજે પરીક્ષા અપાવી હતી.વાલી અને બાળક નો જુસ્સો આજે પરીક્ષા કેન્દ્ર સુધી ખેંચી લાવવામાં સફળ થયા હતા સંકલ્પ સ્કૂલ માં દરેક શિક્ષકો ની લાગણી બાળક માટે કંઈક અલગ જ હોય છે માત્ર શિક્ષણ જ નહીં પણ સંસ્કાર આપવામાં મોખરે ગણાય છે...ઓ-બાળક પરીક્ષા કેન્દ્ર માં આવતા કેન્દ્ર ના સંચાલક ગોવિંદ ભાઈ એ પણ બાળક ની તબિયત પૂછી ને માનવતા ના દર્શન કરાવ્યા હતા..બાળક સુખશાંતિ થી પરીક્ષા આપી ને મહેસાણા પરત થયો હતો.જે આજે સંકલ્પ સ્કૂલ ના ગુરુજી અને ટ્રસ્ટીઓ ના કારણે બાળક પરીક્ષા આપવા સક્ષમ થયો હતો

# બનાસકાંઠામાં કમોસમી વરસાદે ખેડૂતોને રાતાપાણીએ રોતા કર્યા

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં ગુરૂવારે વાવાઝોડા સાથે પડેલા કમોસમી વરસાદે ખેડૂતોને રાતા પાણીએ રોતા કર્યા છે. જ્યાં પાલનપુર, વડગામ સહિતના વિસ્તારોમાં ઘઉં, જીરૂના પાકને નુકશાન થયું હતુ. બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા દસ વર્ષની ગ્લોબલ વૉર્મિંગના કારણે હવામાનમાં પલટો નોંધાઈ રહ્યો છે. જ્યાં શિયાળા અને ઉનાળાની ઋતુમાં કમોસમી વરસાદ પડી રહ્યો છે. ચોમાસામાં ક્યારેક અતિવૃષ્ટિ અથવા તો અનાવૃષ્ટિનો સામનો કરવો પડી રહ્યો છે. અધુરામાં પુરૂ આ વર્ષે આવેલા તીડના ઝુંડોએ રહ્યો સહયો પાક પણ સફાચટ કરી દીધો હતો. ખેડૂતોએ મોંઘા ભાવે લાવેલું બિયારણ માથે પડ્યું હતું. આવી સ્થિતિમાં જિલ્લામાં ગુરૂવારે પુનઃ વાતાવરણમાં પલટો આવ્યો હતો. જ્યાં પાલનપુર, વડગામ, થરાદ, અમીરગઢ સહિતના પંથકમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદી ઝાપટું પડ્યું હતું. જેના કારણે ખેતરોમાં ઉભેલો ઘઉં, જીરૂ સહિતના પાકને મોટું નુકસાન થવા પામ્યું હતું. વરસાદને પગલે સૂકો ઘાસચારો બચાવવા માટે ખેડૂતોએ દોડા દોડી કરી મૂકી હતી. પાલનપુર શહેરમાં ભારે પવન સાથે પડેલા વરસાદને કારણે અફરા તફરી મચી જવા પામી હતી.



## ધાનેરા તાલુકાના વોડા ગામે આમલી અગિયારસ નિમિતે ભવ્ય લોક મેળો ભરાયો

બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા તાલુકા ના વોડા ગામે આમલી અગિયારસ નિમિતે ભવ્ય લોક મેળો ભરાયો હતો જેમાં ધાનેરા સહીત આજુ બાજુ ના વિસ્તાર માંથી મોટી સંખ્યા માં લોકો ઉમટી પડ્યા હતા. ગુજરાત અને ભાતીગળ મેળા માટે પ્રખ્યાત રાજ્ય છે અને ગુજરાત માં વાર તહેવારે ભવ્ય ભાતીગળ મેળા ભરાતા હોય છે ત્યારે આજે આમળી અગિયારસ નિમિતે ધાનેરા તાલુકા ના વોડા ગામે આવેલા લીલાધારી મહાદેવ ના મંદિરે ભવ્ય ભાતીગળ મેળો ભરાયો હતો જેમાં ધાનેરા સહીત આજુ બાજુ ના વિસ્તાર માંથી મોટી સંખ્યા માં લોકો ઉમટી પડ્યા હતા અને મેળા નો આનંદ માન્યો હતો.

# ડીસા માર્કેટયાર્ડ નજીક કાર અને ટ્રક ટકરાયા : ટ્રક ચાલક સામે ગુનો દાખલ

ડીસા-પાટણ હાઈવે પર શુક્રવારે મોડી સાંજે ટ્રક ચાલકે ઓવરટેઈકની લ્હાયમાં કારને ટક્કર મળતા કાર ચાલકને ઈજાઓ થવા પામી હતી તેમજ કારમાં દોઢેક લાખ રૂપિયાનું નુકસાન થતા ટ્રકચાલક વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવા પામી છે. ડીસા-પાટણ હાઈવે પર આવેલાં મહાલક્ષ્મી પાર્ક સોસાયટીમાં રહેતાં જીજ્ઞેશકુમાર કાન્તીલાલ પઢીયાર (માળી) શુક્રવારે સાંજના સાતેક વાગ્યાના સુમારે પોતાની જીજે-૧૫-સીએ-૯૯૦૬ નંબરની રેનોલ્ડ ફયુસ કાર લઈને ડીસા માર્કેટયાર્ડ નજીકથી પસાર થઈ રહ્યાં હતાં. જે દરમ્યાન પાછળથી આવી રહેલ જીજે-૦૮-એયુ- ૨૯૭૫ નંબરની ટ્રકના ચાલકે પૂરઝડપે અને ગફલતભરી રીતે ઓવરટેક કરવા જતાં ડ્રાઈવર સાઈડે કારને ટકકર મારતાં કારને ભારે નુકશાન થયું હતું.જ્યારે કારમાં સવાર જીજ્ઞેશકુમાર માળીને પણ હાથ તેમજ ખભાના ભાગે ઈજાઓ થઈ હતી. અકસ્માત ના લીધે કારનો એક સાઈડનો ભાગ તુટી જતાં અંદાજીત દોઢેક લાખ રૂપિયાનું નુકશાન પહોંચતા કાર માલિક જીજ્ઞેશકુમાર માળીએ ડીસા શહેર દક્ષિણ પોલીસ મથકે ટ્રક ચાલક મોઘાજી ઠાકોર (રહે, રેજીમેન્ટ, ડીસા) વિરૂધ્ધ ફરીયાદ નોધાવતા



હે.કો. દશરથભાઈ ચૌહાણ આગળની તપાસ ચલાવી રહ્યાં છે.



## કરનાળામા મહાદેવ મંદિર ખાતે લોકમેળો ભરાયો

વડગામ તાલુકાના કરનાળા ગામમાં આવેલા કરનાળેશ્વર મહાદેવનું અતિ પ્રાચીન શિવ મંદિર આવેલું છે, જ્યાં પૌરાણીક પરંપરા મુજબ ફાગણ સુદ અગીયારશના દિવસે લોકમેળો ભરાયો હતો. જેમા કરનાળા તથા આસપાસના ગામોમાંથી ધર્મપ્રેમી જનતા બહોળી સંખ્યામાં ઉમટીને મેળાનો લહાવો લીધો હતો અને શિવજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# મોડાસાની તત્ત્વ ઈજનેરી કોલેજ ખાતે થેલેસેમિયા નિદાન તથા રક્તદાન કેમ્પ યોજાયો

મોડાસા, તા. ૬

ટીયુ અને એનએનએસ અંતર્ગત સંસ્થા ખાતે દર વર્ષે થેલેસેમિયા નિદાન કેમ્પ યોજવામાં આવતો જ હોય છે. ત્યારે આ વર્ષે પણ નવા પ્રવેશેલા ઈજનેરી ડિપ્લોમા અને ડિગ્રીના વિદ્યાર્થીઓમાં સ્વાસ્થ્યને લઈને જાગૃતતા આવે તે હેતુસર ગઈકાલે સંસ્થા ખાતે થેલેસેમિયા નિદાનની જવાબદારી મોડાસાની રામાણી બ્લડ બેન્કની ટીમ દ્વારા ઉપાડવામાં આવી હતી. આ કેમ્પ અંતર્ગત રામાણી બ્લડ બેન્કના નવીનભાઈ રામાણી દ્વારા થેલેસેમિયા જેવા ગંભીર પણ સાવચેતી રાખીને બચી શકાય તેવા રોગ ઉપર પોતાના આગવા અનુભવ અને સમાજને ઉપયોગી થવાના ભાવથી વિદ્યાર્થીઓના માનસ પર પ્રકાશ પાડ્યો હતો અને ખુબજ ઉપયોગી થઈ શકે તેવા સેમિનારનું પણ આયોજન કર્યું હતું. આ સાથે થેલેસેમિયાગ્રસ્ત બાળકોને ઉપયોગી થઈ શકીએ તે હેતુસર સંસ્થામાં રકતદાનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પ દરમિયાન સંસ્થા ખાતે ડિગ્રી ડિપ્લોમા પ્રથમ વર્ષ અને ડીટુડી મળી કૂલ ૭૫ થેલેસિમિયા



નિદાન માટે સેમ્પલ રામાણી બ્લડ બેન્કની ટિમ દ્વારા એકત્ર કરવામાં આવ્યા.

જ્યારે ૧૨ યુનિટ રક્તનું દાન પણ એકત્ર કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર પ્રોફ. જે.આર. પુવાર હાજર રહી વિદ્યાર્થીઓનું મનોબળ વધારી રક્તદાન અને તેનાથી થતાં ફાયદા સમજાવી વર્ષમાં ૨ વાર અચૂક રક્તદાન કરવાની સલાહ આપી હતી. આ ઉપરાંત સંસ્થાના આચાર્ય પ્રોફ. કે. બી. શેઠ ઉપસ્થિત રહી થેલેસિમિયા અને રક્તદાનની વિસ્તૃતમાં જાણકારી આપી હતી, તેમજ ટ્રસ્ટીઓએ રક્તદાન કરી રહેલ વિદ્યાર્થીઓને બિરદાવી લીધા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન એન.એન.એસ પ્રોગ્રામ ઓફિસર પ્રો. પી.વી. ચૌહાણ તથા સ્પોર્ટ્સ કો-ઓર્ડિનેટર પ્રો. કે. બી. સૈની અને એન. એન. એસ. સ્વયંસેવક દીપ, શિવમ અને જીગ્નેશ દ્વારા કરવામાં આવ્યું હતું.

# પાલનપુરમાં ધોરણ-૧૨ની પરીક્ષા આપતો ડમી પરીક્ષાર્થી ઝડપાયો

## વિદ્યામંદિર કેમ્પસમાં આવેલી બી. કે. ભણશાળી સ્કુલમાં ઇતિહાસ વિષયની પરીક્ષા આપતો હતો

પાલનપુર

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાઈ રહેલી ધોરણ દસ અને બારની પરીક્ષામાં પાલનપુર ખાતે વિદ્યામંદિર કેમ્પસમાં આવેલી બી. કે. ભણશાળી સ્કુલમાં ધોરણ બારનું ઈતિહાસનું પેપર લખતો ડમી પરીક્ષાર્થી ઝડપાઈ ગયો હતો. જેની સામે પોલીસ મથકે ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાઈ રહેલી ધોરણ દસ અને બારની પરીક્ષા બનાસકાંઠા જિલ્લામાં શાંતિમય માહોલમાં ચાલી રહી છે. જ્યાં જિલ્લા મથક પાલનપુર ખાતે શુક્રવારે એક ડમી પરીક્ષાર્થી ઝડપાયો હતો. આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી જે. પી. પ્રજાપતિએ જણાવ્યું હતુ કે, શહેરના વિદ્યામંદિર કેમ્પસમાં આવેલી બી. કે. ભણશાળી સ્કુલમાં ધોરણ – ૧૨ સામાન્ય પ્રવાહના પ્રશ્નપત્રમાં મુળ પરીક્ષાર્થી લાલાભાઈ દુદાજી ગોહિલને બદલે ડમી પરીક્ષાર્થી કરણભાઈ શિવાભાઈ ગોહિલ પરીક્ષા આપતો સુપરવાઈઝરના હાથે ઝડપાઈ ગયો હતો. જેમની સામે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.